# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014

**સડસઠમો પદવીદાન સમારંભ, તા. 18-10-2021, સોમવાર**

**પારિતોષિક સાથે પદવી તથા માત્ર પારિતોષિક મેળવનારા વિદ્યાર્થીઓ માટે સૂચનાઓ**

ગૂજરાત વિદ્યાપીઠનો સડસઠમો પદવીદાન સમારંભ તા. 18-10-2021ને સોમવારના રોજ સવારના 10-30 વાગ્યે પ્રાણજીવન વિદ્યાર્થીભવન (અમદાવાદ)માં યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી દિક્ષાંત પ્રવચન આપશે.

**સૂચનાઓ**

1. ગુજરાત સરકાર તથા ભારત સરકારે કોરોના રોગચાળાને અનુલક્ષીને સૂચવેલા નિયંત્રણો અનુસાર **પારિતોષિક સાથે પદવી તથા માત્ર પારિતોષિક મેળવનારા વિદ્યાર્થીઓએ** જ સ્વૈચ્છાએ ઉપસ્થિત રહેવાનું છે.
2. **તા. 18-10-2021ના રોજ આ વિદ્યાર્થીઓએ સવારે 8-00 વાગ્યે પદવીદાનની પૂર્વ તૈયારી માટે પૂર્ણ ગણવેશમાં પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.**
3. **ઉપસ્થિત રહેનારા વિદ્યાર્થીઓએ નીચે જણાવ્યા પ્રમાણે શુદ્ધ સુતરાઉ ખાદીનો ગણવેશ પહેરવાનો રહેશે.**
   **ભાઈઓ – શુદ્ધ સુતરાઉ ખાદીનો સફેદ પાયજામો કે ધોતિયું, ઝભ્ભો (પહેરણ) અને ગાંધી ટોપી**
   **બહેનો – રંગીન કિનારી વગરની શુદ્ધ સુતરાઉ ખાદીનીસફેદ સાડી અને સફેદ બ્લાઉઝ**
4. **ઉપસ્થિત રહેનારા દરેક વિદ્યાર્થાઓએ સૂતરની બે આંટી લાવવાની રહેશે અને પારિતોષિક/પદવી મેળવતી વખતે તે અર્પણ કરવાની રહેશે.**
5. જે વિદ્યાર્થીઓ ઓનલાઇન જોડાવાના છે તેમના માટે મુખ્ય પરિસરનો પદવીદાન કાર્યક્રમ ઓનલાઇન દર્શાવવામાં આવશે અને તેમાં બધાંએ ઓનલાઈન જોડાવવું આવશ્યક છે. પારિતોષિક મેળવનાર વિદ્યાર્થી પદવીદાન સમારંભ વખતે અનુપસ્થિત રહે તો તેમને મળતું પારિતોષિક પદવીદાન સમારંભ બાદ દિન-5માં ગૂજરાત વિદ્યાપીઠના પરીક્ષા વિભાગમાંથી રૂબરૂ આવીને મેળવી લેવાનું રહેશે.
6. **પારિતોષિક સાથે પદવી તથા માત્ર પારિતોષિક મેળવનારા વિદ્યાર્થીઓને તેની જાણ તેમના ઇમેલ/પત્ર દ્વારા કરવામાં આવશે.**
7. રાષ્ટ્રગીતના ગાન સાથે પદવીદાન સમારંભ પૂર્ણ થશે.